सत्यमेव जयते

દાખલ તારીખ :– ૧૨–૦૪–૨૦૧૭
નોંધણી તારીખ:– ૧૨–૦૪–૨૦૧૭
ફેસલ તારીખ :– ૧૮–૦૪–૨૦૨૬
સમય ગાળો :– વર્ષ–માસ–દિવસ
૦૯–૦૦– ૦૦૭

## મે. ગાંધીધામના કર્મચારી વળતર ધારા હેઠળનાં કમિશ્નરશ્રી (ઝેડ.જી.મોદન), લેબર કોર્ટ (જે.ડી.), ગાંધીધામ, જી.કચ્છ.

**વ. કો. (ફેટલ) અરજી નં. ૦૯/૨૦૧૭**
**આંકઃ–**

ગુજરનાર તાજારામ રૂપારામ ચૌધરીના વારસો

(૧) હિરોદેવી Wd/o તાજારામ જાટ (ચૌધરી), (પત્ની)
ઉ.વ.૩૨, ધંધો– ઘરકામ
(૨) કિશની D/o તાજારામ જાટ (ચૌધરી), ( પુત્રી )
ઉ.વ.૦૭, ધંધો– અભ્યાસ.
(૩) રમેશ S/o તાજારામ જાટ (ચૌધરી), ( પુત્ર )
ઉ.વ.૦૫, ધંધો– અભ્યાસ.
(૪) જુજારામ S/o તાજારામ જાટ (ચૌધરી), ( પુત્ર )
ઉ.વ.૦૧, ધંધો– કંઈ નહિ.

હાલે રહેઃ– ગામ–પડાણા,
તા.ગાંધીધામ – કચ્છ. **અરજદારો.......**
(અરજદાર નં.૨ થી ૪ વાળા સગીર હોઈ
તેમના કુદરતી વાલી માતા મારફતે અરજદાર નં.૧)

**વિરૂધ્ધ**

**૧.** શ્રી મોમાઈ ટ્રાન્સપોર્ટ,
સરનામુંઃ– એસ્સાર પેટ્રોલ પંપની બાજુમાં,
જામનગર – રાજકોટ હાઈવે રોડ,
હાપા રોડ, જામનગર.

**૨.** એસ.બી.આઈ. જનરલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ
(મારફતે મેનેજરશ્રી,)
સરનામુંઃ– ૧૦૩, ૧૦૪, ૧૦૫, શુકન બીજનેસ સેન્ટર,
સ્વસ્તિક રોડની બાજુમાં, ઓફ સીજી રોડ,
અમદાવાદ.

( આ કામે સામાવાળા નં.૨ હાજર થઈ આંક–૨૩ થી જવાબ રજુ
કરી તેમાં પોતાનું સરનામું નીચે મુજબ દર્શાવેલ છે.)
સરનામું:– હોટેલ કે–રોઝ બિલ્ડીંગ, શાસ્ત્રી મેદાન સામે,
લીમડા ચોક, રાજકોટ. **સામાવાળા......**

**<u>બાબત</u> :– <u>કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ વળતર મેળવવા બાબત....</u>**

---

**અરજદાર તરફે :– વિ.વ.શ્રી એ.પી.લેઉવા.**
**સામાવાળા નં. ૧ તરફે :– હાજર નથી.**
**સામાવાળા નં. ૨ તરફે :– વિ.વ.શ્રી એસ.એચ.સચદે.**

---

## –:: <u>ઠ રા વ</u> ::–

(૧) હાલનાં કામનાં અરજદારોએ ગુજરનારના વારસદારો તરીકે કર્મચારી વળતર અધિનિયમ હેઠળ આ અરજી કરીને આ કામના મર્હુમ સ્વ.તાજારામ રૂપારામ ચૌધરીનું સામાવાળાની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતના પરીણામે થયેલ મૃત્યુ બદલ વળતરની રકમ રૂા.૧૧,૮૨,૩૬૦/– (અંકે રૂપીયા અગીયાર લાખ બ્યાંસી હજાર ત્રણસો સાઈઠ પુરા) તથા અંતિમ વિધી ખર્ચ રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપીયા વીસ હજાર પુરા) અને વળતરની રકમ પર ૫૦ % પેનલ્ટીની રકમ સહીત અકસ્માત તારીખથી ૧૨ % ના વ્યાજ સહીત ચુકવી આપે તેવી દાદ માંગેલ છે.

અરજદારોની અરજીની ટુંકી હકીક્ત એવી છે કે, હાલના કામના અરજદાર નં.૧ ના પતિ તથા અરજદાર નં.૨ થી ૪ ના પિતા તાજારામ રૂપારામ ચૌધરી આ કામના સામાવાળા નં.૧ વાળા પાસે ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તે રીતે ગુજરનાર સામાવાળા નં.૧ વાળાના કાયદેસરના કામદાર હતા. અમો અરજદારો ગુજરનારની આવક ઉપર સંપુર્ણ આશ્રિત હતા. ગુજરનારને સામાવાળા નં.૧ વાળા માસીક રૂા.૧૨,૦૦૦/– પગાર અને રોજના રૂપીયા ૨૦૦/– અલગથી ભથ્થુ આપતા હતા. આ કામના ગુજરનાર તા.૨૭/૧૦/૨૦૧૫ ના રોજ ટ્રક નં.જીજે–૧૦–ટીવી–૭૭૭૯ વાળા ટ્રકમાં હળવદ થી રેતી ભરી જામનગર ખાલી કરવા ગયેલા અને ત્યાં રેતી ખાલી કરતા હતાં ત્યારે ટ્રકની સાઈડ બદલવા માટે ગુજરનાર ટ્રક આગળ પાછળ કરતાં

હતાં તે વખતે તેઓને છાતીમાં અચાનક દુખાવો ઉપડતાં કારખાનાના શેઠે ૧૦૮ ને ફોન કરતાં ૧૦૮ આવેલ અને આ કામનાં ગુજરનારને હોસ્પિટલે લઈ જતાં રસ્તામાં તેઓ ગુજરી ગયેલ હતા અને તેઓનું પોસ્ટમોર્ટમ જામનગર સરકારી હોસ્પિટેલ ખાતે કરવામાં આવેલ હતું. આ બનાવની જાણ જામનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તારીખ.૨૭/૧૦/૨૦૧૫ ના રોજ એડી.નં.૮૧/૨૦૧૫ થી દાખલ થયેલ છે. અકસ્માત થયેલ ત્યારે ગુજરનારની ઉંમર ૩૫ વર્ષની હતી અને સામાવાળા નં.૧ વાળા ગુજરનારને માસિક પગાર રૂા.૧૨,૦૦૦/- અને અલગથી ભથ્થુ ચુકવતા હતા. જેથી અમો અરજદારો કામદાર વળતર ધારા મુજબ ગણતરી કરતા રૂા.૧૧,૮૨,૩૬૦/- (અંકે રૂપીચા અગીચાર લાખ બ્યાસી હજાર ત્રણસો સાઈઠ પુરા) તથા અંતિમવિધિના રૂપીચા ૨૦,૦૦૦/- મેળવવા હક્કદાર છીએ. અમો અરજદારોએ અમારા વકિલશ્રી મારફતે આ કામના બંને સામાવાળાઓને નોટીસ આપેલ જે યોગ્ય રીતે બજી ગયેલ છે જેથી આ કામના બંને સામાવાળાઓને આ બનાવ અંગેની જાણ છે. આ બનાવની જાણ હોવા છતાં બંને સામાવાળાઓએ આજદિન સુધી આપ નામદારશ્રીની કોર્ટમાં કોઈ રકમ જમા કરાવેલ નથી કે અમો અરજદારને ચુકવેલ ન હોય તેથી અમો અરજદારો ૫૦% ના દરે પેનલ્ટીની રકમ વસૂલ મેળવવા હક્કદાર છીએ. આ વળતર અરજી મુદત અંદર છે. અમો અરજદારો હાલે આપ નામદાર કોર્ટની હકુમતના વિસ્તારનાં ગામ-ગળપાદર, તા.ગાંધીધામ ખાતે રહેતા હોય આથી આ અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે અને તે અરજી ચલાવી નિકાલ લાવવા આપ નામદાર કોર્ટને સંપૂર્ણ હકુમત છે. આથી આ કામના સામાવાળાઓ સંયુક્ત રીતે અથવા પૃથ્થક રીતે વળતરની રકમ રૂા.૧૧,૮૨,૩૬૦/- (અંકે રૂપીચા અગીચાર લાખ બ્યાસી હજાર ત્રણસો સાઈઠ પુરા) તથા અંતિમવિધિના રૂપીચા ૨૦,૦૦૦/- (અંકે રૂપીચા વીસ હજાર પુરા ) અને તથા વળતરની રકમ પર ૫૦ % પેનલ્ટીની રકમ સહીત અકસ્માત તારીખથી ૧૨% ના વ્યાજનાં દરે ખર્ચ સહિત ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૨) હાલની અરજી અદાલત સમક્ષ આવતાં આ કામના સામાવાળાઓને

આંક–૬ થી નોટીસ કાઢેલ છે. જે નોટીસ સામાવાળા નં. ૧ અને નં. ૨ નાઓને બજી ગયેલ હોવા અંગેની પોષ્ટલ એક્નોલેજમેન્ટ આંક–૦૭ તથા આંક–૦૮ થી રેકર્ડમાં રજુ છે. હાલનાં કામના સામાવાળા નં.૨ તરફે આંક–૦૯ થી વકિલપત્ર રજુ કરી તેમના વકિલશ્રી મારફતે હાજર થયેલ હોય અને સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર થયેલ નથી તથા બંને તરફે કોઈ જવાબ પણ રજુ થયેલ ન હોય જેથી હાલનાં કામનાં અરજદાર તરફે આંક–૧૭ થી સામાવાળાઓનો જવાબનો હક્ક બંધ કરવાની અરજી અત્રેની કોર્ટમાં ન્યાયિક નિર્ણય માટે આવતા સામાવાળાઓનો પોકાર કરતા સામાવાળા કે સામાવાળાના વકિલશ્રી હાજર ન હોય તેમજ અરજીનો જવાબ રજુ કરેલ ન હોય તેથી અત્રેની કોર્ટ દ્વારા તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ સામાવાળાઓના જવાબનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળા નં.૦૨ દ્વારા આંક–૨૨ થી જવાબ રજુ કરવાની પરવાનગી માંગતી અરજી કરેલ હોય જેમાં અરજદારોના વકીલશ્રી દ્વારા "વાંધો નથી" તેવો શેરો કરી આપેલ હોય જેથી સામાવાળા નં.૨ ને જવાબ રજુ કરવાની પરવાનગી આપવામાં આવેલ હોય તેથી સામાવાળા નં.૨ દ્વારા આંક–૨૩ થી અરજીનો જવાબ રજુ થયેલ છે અને અરજદારોની અરજીની હકીક્તનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અરજદાર દ્વારા માંગવામાં આવેલ વ્યાજનો દર ખુબ વધારે છે. હાલનાં કામનાં અરજદારો અને સામાવાળા નં.૧ દ્વારા ગુજરનારનો નિમણુંક પત્ર, અસલ ડ્રાઈવિંગ લાયસન્સ, મસ્ટર રજીસ્ટર, સેલેરી રજીસ્ટર તથા ગુજરનાર સામાવાળા નં.૧ ના કામદાર હતા તેવુ સાબિત કરતો કોઈ દસ્તાવેજ હાલનાં કામે રજુ કરેલ નથી. હાલનાં કામે રજુ થયેલ પોસ્ટમોર્ટમ રીપોર્ટ અને કોઝ ઓફ ડેથ મુજબ હાલનાં કામનાં ગુજરનાર અકસ્માતમાં મૃત્યુ પામેલ નથી પરંતુ કુદરતી રીતે મૃત્યુ પામેલ છે. આમ સામાવાળા નં.૨ દ્વારા અરજદારોની અરજીની તમામ હકીક્તોનો ઈન્કાર કરીને અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવાનો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૩) અરજદાર તરફે નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

➢ **<u>મૌખીક પુરાવા</u> :–**

**૧.** આંક–૨૮ થી હિરોદેવી વા/ઓ તાજારામ જાટ (ચૌધરી)નું પુરાવાનું સોગંદનામું.
**૨.** આંક–૩૪ થી સાહેદ દીપારામ ખેરાજરામ જાટ (ચૌધરી)નું પુરાવાનું સોગંદનામું.

➢ **<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અનુ. નં. | વિગત | આંક/ માર્ક |
|---|---|---|
| 1. | અકસ્માત મોત નોંધ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ | ૪/૧ |
| 2. | બનાવના સ્થાનિક જગ્યાના પંચનામાની ખરી નકલ | ૪/૨ |
| 3. | ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ | ૪/૩ |
| 4. | ગુજરનારના પી.એમ. રિપોર્ટની ખરી નકલ | ૪/૪ |
| 5. | વાહન નં.જી.જે.–૧૦–ટીવી–૭૭૭૯ ની આર.સી.બુક તથા સ્કીન રીપોર્ટની નકલ | ૪/૫ |
| 6. | વાહન નં.જી.જે.–૧૦–ટીવી–૭૭૭૯ ની વીમા પોલીસીના પાના નં.૦૨ ની નકલ | ૪/૬ |
| 7. | સામાવાળા નં.૧ ના વાહનની માલ પરિવહન માટેની પરમીટની ઝેરોક્ષ નકલ | ૪/૭ |
| 8. | અરજદારો તરફે સામાવાળાઓને આપેલ નોટીસની નકલ | ૪/૮ |
| 9. | સામાવાળાઓને બજેલ નોટીસની એકનોલેજમેન્ટ અસલ રસીદ | ૪/૯ |
| 10. | વાહન નં.જી.જે.–૧૦–ટીવી–૭૭૭૯ ના ફીટનેસ સર્ટીફિકેટની નકલ | ૪/૧૦ |
| 11. | ગુજરનાર તાજારામના ડ્રાઈવિંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ | ૨૯/૧ |

(ત્યારબાદ હાલનાં કામે અરજદાર તરફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આક–૩૫ થી ક્લોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. )

**(૪)** સામાવાળા નં.૨ તરફે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

- **<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અનુ. નં. | વિગત | આંક/ માર્ક |
|---|---|---|
| 1. | વીમા પોલીસીની ખરી નકલ | ૪૨ |

(ત્યારબાદ હાલના કામે સામાવાળા નં.૦૨ તરફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આક–૪૩ થી ક્લોઝીંગ પુરશીશ રજુ થયેલ છે.)

(૫) અરજદાર તરફે વિ.વ.શ્રી એ. પી. લેઉવાનાઓએ મૌખીક દલીલ કરેલ છે જેમાં પોતાની વળતર અરજીની હકિક્તોનું પુનરાવર્તન કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, હાલના અરજદારોએ પોતાની વળતર અરજીમાં જણાવેલ હકીક્તો પુરાવા રજુ કરી પુરવાર કરેલ હોય અરજદારની હાલની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૬) સામાવાળા તરફે વિ.વ.શ્રી એસ.એચ.સચદેનાઓએ મૌખીક દલીલ કરેલ છે જેમાં પોતાના લેખિત જવાબની હકિક્તોનું પુનરાવર્તન કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, હાલનાં ગુજરનાર અને સામાવાળા નં.૦૧ વચ્ચે માલીક કામદારના સંબંધો હોય અને હાલના ગુજરનારને સામાવાળાની ફરજ દરમ્યાન અકસ્માતના કારણે અવસાન થયેલ હોય તેવી હકીક્ત પુરવાર કરવા માટે કોઈ સબળ દસ્તાવેજી પુરાવો હાલનાં કામે રજુ કરેલ ન હોય જેથી અરજદારની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭) ઉપરોક્ત હકીક્તે સદરહું કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે મારા પુરોગામી કમિશ્નરશ્રીએ આંક–૨૧ થી નીચે મુજબનાં મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

## *–:: <u>મુદ્દાઓ</u> ::–*

(1) શું અરજદારો સાબીત કરે છે કે, તેઓ ગુજરનારનાં કાયદેસરના વારસો તેમજ આશ્રિતો છે ?

(2) શું અરજદારો સાબીત કરે છે કે, ગુજરનાર સામાવાળા નં.૧ નાં કામદાર થતા હતા ?

(3) શું અરજદારો સાબીત કરે છે કે, ગુજરનારને સામાવાળા નં.૧ ની

નોકરી અને ફરજ બજાવતા દરમ્યાન અકસ્માત થયેલ છે ? જો હા તો અકસ્માતનાં કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ છે ?

**(4)** શું અરજદારો સાબીત કરે છે કે, અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૩૫ વર્ષ હતી અને તેઓને સામાવાળા પાસેથી માસીક રૂા.૧૨,૦૦૦/- પગાર તથા રૂા.૨૦૦/- દૈનિક ભથ્થા પેટે મેળવતા હતા ?

**(5)** શું અરજદારો સાબીત કરે છે કે, સામાવાળાઓ અરજદારને વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે ? જો હા તો કેટલી રકમ ?

**(6)** શું અરજદારો સાબીત કરે છે કે, સામાવાળાઓએ વળતરની રકમ ચુકવવામાં બેદરકારી દાખવેલ છે ? જો હા તો શું તેઓ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે ?

**(7)** શું અરજદાર હાલની અરજીનાં પેરા - ૧૦ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

**(8)** શું આખરી હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે

(1) હકારમાં.

(2) હકારમાં.

(3) હકારમાં.

(4) અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૩૪ વર્ષ અને માસિક પગાર રૂા.૮,૦૦૦/-

(5) સામાવાળા નં.૨ વળતરની રકમ રૂા.૭,૯૭,૬૦૦/- (અંકે રૂપીયા સાત લાખ સતાણુ હજાર છસો પુરા) ચુકવવા જવાબદાર થાય છે.

(6) અંશતઃ હકારમાં, સામાવાળા નં.૨ વળતરની રકમ રૂા.૭,૯૭,૬૦૦/- (અંકે રૂપીયા સાત લાખ સતાણુ હજાર

છસો પુરા) ઉપર અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે. સામાવાળા નં.૧ માલિક વળતરની રકમ ઉપર ૫૦% પેનલ્ટીની રકમ ચુકવવા જવાબદાર થાય છે.

(7) અંશતઃ હકારમાં, સામાવાળા નં.૨ વળતરની રકમ રૂા.૭, ૯૭ , ૬૦૦ /– ( અંકે રૂપીયા સાત લાખ સતાણુ હજાર છસો પુરા) તેમજ તેના ઉપર અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે. સામાવાળા નં.૧ માલિક વળતરની રકમ ઉપર ૫૦% પેનલ્ટીની રકમ ચુકવવા જવાબદાર થાય છે.

(8) આખરી હુકમ મુજબ.

## –:: <u>કારણો</u> ::–

### (૯) <u>મુદ્દા નં. ૧</u> ::–

(૯.૧) સદર કામે અરજદાર તથા સામાવાળા તરફે રજુ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા પહેલાં પ્રથમ વર્કમેન્સ કોમ્પેનસેશન એક્ટ, ૧૯૨૩ નાં પ્રકરણ–૨ માં કરવામાં આવેલ જોગવાઈને ધ્યાને લેવામાં આવે તો તે કેટલાક ચોક્કસ વર્ગનાં માલીકો તેમના કામદારોને સંસ્થામાં કામ કરતા દરમ્યાન થયેલ અકસ્માત ઈજાનાં કારણે આવતી કાયમી આંશીક કે પુરેપુરી અશકતા કે ઈજાનાં કારણે થતાં અકસ્માત મૃત્યુનાં કિસ્સામાં શ્રમયોગી કે તેનાં આશ્રિતોને વળતર ચુકવી આપે તે સુનિશ્ચિત કરવાનાં હેતુથી રચાવામાં આવેલ છે. તે સંજોગોમાં અરજદાર ઉપર સૌપ્રથમ એ હકીક્ત સાબીત કરવાની જવાબદારી રહેલ છે કે, અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર – માલીકનો સંબંધ છે. વધુમાં અરજદારને શારીરિક ઈજા પોતાની ફરજ દરમ્યાન અને ફરજનાં ભાગે કરવામાં આવેલ કામગીરી દરમ્યાન થયેલ છે. વધુમાં વર્કમેન્સ કોમ્પેનસેશન એક્ટ, ૧૯૨૩ માં ક્યાંય અકસ્માત શબ્દની વ્યાખ્યા આપવામાં આવેલ નથી. તેમજ કામદાર રાજ્ય વીમા અધિનિયમમાં પણ તેની વ્યાખ્યા નથી. પરંતુ અકસ્માતનો ડિકશનરી અર્થ એ થાય કે "કાંઈ પણ જાણ થયા વિના અણધાર્યો બનાવ.”

**(૯.૨)** ઉપરોક્ત મુદ્દાનું સ્વરૂપ જોતાં અરજદાર ગુજરનારનં આશ્રિતો તથા વારસો છે કેમ તે અંગે અરજદારો તરફે રજુ અરજીમાં ગુજરનાર તાજારામ રૂપારામ ચૌધરીના અરજદાર નં.૧ પત્નિ, અરજદાર નં.૨ થી ૪ સગીર સંતાનો થતા હોવાનું દર્શાવેલ છે. હાલના કામે સામાવાળા નં.૧ તરફે હાજર રહી જવાબ રજુ કરવામાં આવેલ નથી. સામાવાળા નં.૨ તરફે અરજદારની આ હકિકતથી વિરૂધ્ધની હકીક્ત રેકર્ડ ઉપર લાવી શક્યા નથી. અરજદારોએ તેઓની સદર હકીક્તનાં સમર્થનમાં અરજદાર નં.૧ તરફે આંક–૨૮ થી સોગંદ ઉપરની જુબાની રજુ કરેલ છે. સદર જુબાનીમાં સોગંદનામામાં અરજીની હકીક્તો જણાવી તેને વળગી રહેલ છે. સામાવાળા નં.૧ તરફે અરજદારની ઉલટ તપાસ માટે હાજર ન હોય સામાવાળા નં.૧ નો ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. સદર હકીક્તે તેઓની સામાવાળા નં.૨ તરફે તેમના વિ.વ.શ્રી. દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદારો ગુજરનારના વારસો તથા આશ્રિતો હોવા વિરૂધ્ધની કોઈ હકીક્ત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં સદર હકીક્ત બાબતે કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ ની કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે. –

➢ કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ ધ્યાને લેતાં આશ્રિત એટલે મૃત્યુ પામેલા કામદારના કોઈ સગા પૈકી–

**(૧)** વિધવા, સગીર ઔરસ અથવા દત્તક લીધેલ પુત્ર અને અપરિણીત ઔરસ અથવા દત્તક લીધેલી પુત્રી અથવા વિધવા માતા અને

**(૨)** કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરો આશ્રિત હોય તો અઢાર વર્ષની વયનો પણ અશક્ત પુત્ર અથવા પુત્રી,

વધુમાં વિવરણમાં જણાવેલ છે કે, પેટા – કલમ **(૧)** આ ખંડ(ડી) નાં પેટા–ખંડ **(૨)** :– આ પેટા ખંડ (૨) માં બે મુખ્ય બાબતો છે.

**(૧)** દાવેદાર સંપૂર્ણપણે તેના મૃત્યુ વખતે તેના ઉપર આશ્રિત હોવા જોઈએ, **(૨)** તે અશક્ત હોવા જોઈએ, **(૩)** કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરા અથવા અંશતઃ આશ્રિત હોય તો, **(એ)** વિધુર, **(બી)** માતા કે પિતા, **(સી)** સગીર અનૌરસ પુત્ર, અપરિણીત અનૌરસ પુત્રી અથવા

પરણેલી અને સગીર અથવા વિધવા અને સગીર ઔરસ અથવા અનૌરસ અથવા દત્તક લીધેલ પુત્રી, **(ડી)** સગીર ભાઈ અથવા અપરિણીત કે વિધવા બહેન, **(ઈ)** વિધવા પુત્રવધુ, **(એફ)** મૃત્યુ પામેલ પુત્રનું સગીર બાળક, **(જી)** પહેલાં મૃત્યુ પામેલી પુત્રીનું સગીર સંતાન, તેના માતા–પિતા હયાત ન હોય તો અથવા **(એચ)** કામદારનાં માતા–પિતા હયાત ન હોય, તો પિતામહ અથવા પિતામહી.

આમ, સદર વ્યાખ્યા મુજબ ઉપરોક્ત અરજદારોનો આશ્રિતની વ્યાખ્યામાં સમાવેશ થતો હોઈ, હાલનાં કામે અરજદારો ગુજરનારનાં પત્નિ તથા સગીર સંતાનો થાય છે. તેમજ અકસ્માત સમયે અરજદારો ગુજરનારની કમાણી ઉપર આશ્રિત હતા જેથી તેઓને ગુજરનારનાં વારસ તથા આશ્રિતો તરીકે હાલના કામે સ્વીકારવામાં આવે છે. આમ, ઉપરોક્ત ચર્ચાનાં અંતે હાલનાં કામનાં અરજદારો ગુજરનાર સ્વ.તાજારામ રૂપારામ ચૌધરીના વારસો તથા આશ્રિતો હોવાનું ઠરવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**(૧૦) <u>મુદ્દા નં. ૨ – ૩</u> ::–**

મુદ્દા નં. ૨ તથા નં. ૩ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારૂ મુદ્દા નં.૨ તથા નં.૩ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુક્ત તારણ આપવામાં આવેલ છે.

આ કામના અરજદારે પોતાની વળતર અરજીમાં જણાવેલ છે કે, ગુજરનાર સ્વ.તાજારામ રૂપારામ ચૌધરી આ કામના સામાવાળા નં.૧ વાળા પાસે ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તે રીતે ગુજરનાર સામાવાળા નં.૧ વાળાના કાયદેસરના કામદાર હતા. તા.૨૭/૧૦/૨૦૧૫ ના રોજ ટ્રક નં.જીજે–૧૦–ટીવી–૭૭૭૯ વાળા ટ્રકમાં હળવદ થી રેતી ભરી જામનગર ખાલી કરવા ગયેલા અને ત્યાં રેતી ખાલી કરતા હતાં ત્યારે ટ્રકની સાઈડ બદલવા માટે ગુજરનાર ટ્રક આગળ પાછળ કરતાં હતાં તે વખતે તેઓને છાતીમાં અચાનક દુખાવો ઉપડતાં આ કામનાં ગુજરનારને હોસ્પિટલે લઈ જતાં રસ્તામાં તેઓ ગુજરી ગયેલ હતા આમ ગુજરનારનું મૃત્યુ સામાવાળા

નં.૦૧ ની ફરજ દરમ્યાન થયેલ હોવાનું હકીક્ત જણાવેલ છે

આ કામના સામાવાળા નં.૧ ને નોટીસ બજી ગયેલ હોવા છતાં હાજર રહી લેખિત જવાબ રજુ કરેલ નથી કે અરજદારની અરજીની આ હકીક્તનો ખંડન કરતો વિરૂધ્ધનો પુરાવો રજુ કરેલ નથી. સામાવાળા નં.૦ર તરફે હાજર રહી આંક–ર૩ થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં અરજદારની અરજીની આ હકીકતોનો ઈન્કાર કરેલ છે. અરજદાર નં.૧ તરફે અરજીના સમર્થનમાં આંક–ર૮ થી પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે જેની ઉલટતપાસ આ કામના સામાવાળા નં.૧ તરફે હાજર રહી ન કરતા સામાવાળા નં.૦૧ નો ઉલટ તપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૦ર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં વિરૂધ્ધની હકીક્ત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં અરજદાર તરફે આંક–૩૪ થી સાહેદ દીપારામ ખેરાજરામ જાટ(ચૌધરી) નું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે જેની ઉલટતપાસ આ કામના સામાવાળા નં.૧ તરફે હાજર રહી ન કરતા સામાવાળા નં.૦૧ નો ઉલટ તપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૦ર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં વિરૂધ્ધની હકીક્ત રેકર્ડ ઉપર આવેલ નથી.

વધુમાં હાલના કામે અરજદારો તરફે માર્ક ૪/૧ થી એ.ડી.ની ખરી નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા સદર ફરિયાદ દીપારામ ખેરાજરામ ચૌધરી કે જેઓ ગુજરનારના કૌટુંબીક ભાઈ થાય છે તેઓએ હાલની ફરિયાદ લખાવેલ છે જે વંચાણે લેતાં અરજદારની અરજીની હકીક્તોને સમર્થન મળે છે. માર્ક ૪/ર થી સ્થાનિક જગ્યાનું પંચનામું, માર્ક ૪/૩ થી ઈન્કવેસ્ટ પંચનામું, માર્ક ૪/૪ થી ગુજરનારનો પી.એમ.રીપોર્ટ રજુ કરેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે. આમ હાલના કામે અરજદારોએ રજુ કરેલ પોલીસ પેપર્સ વંચાણે લેતા અરજદારની અરજીની આ હકીક્તને સમર્થન મળે છે.

વધુમાં હાલના કામે અરજદારો તરફે માર્ક ૪/૪ થી ગુજરનારનો પી.એમ.રીપોર્ટ રજુ કરેલ છે જે વંચાણે લેતા સદર પી.એમ. રીપોર્ટમાં " Died due to shock on accodunt of all coronary artre insafficiency due to my cardial / introduction . " આમ ગુજરનારનું હાર્ટએટેક કારણે થયેલ હોવાનું પુરવાર થાય છે. વધુમાં હાલના

કામે અરજદાર તરફે માર્ક ૪/૫ થી વાહન નં. જી.જે.૧૦.ટીવી.૭૭૭૯ ની આર.સી.બુકની નકલ તથા માર્ક ૪/૬ થી આંક-૨૧ થી વાહન નં.જી.જે.૧૦.ટીવી.૭૭૭૯ ની વિમાપોલીસીની નકલ રજુ કરેલ છે. તે વંચાણે લેતા તેમાં વાહનના ઓનર તથા ઈન્સ્યોર્ડ તરીકે શ્રી મૌમાઈ ટ્રાન્સપોર્ટ એટલે કે આ કામના સામાવાળા નં.૧ નું નામ છે. વધુમાં હાલના કામે સામાવાળા નં.૧ ને યોગ્ય અને પુરતી તક આપવા છતા હાજર રહી જવાબ રજુ કરેલ નથી કે અરજદારની અરજીની હકીક્તોને ખંડન કરતો પુરાવો રજુ કરેલ નથી. આથી હાલના ગુજરનાર તાજારામ રૂપારામ જાટ આ કામના સામાવાળા નં.૧ ના કામદાર હોવાનું તેમજ સામાવાળા નં.૧ હાલના કામના ગુજરનારને કામે રાખનાર માલિક હોવાનું પુરવાર થાય છે અને તેથી આ કાયદાની કલમ-૨ (એન) મુજબ ગુજરનાર સામાવાળા નં.૧ ના કામદાર હતા અને સામાવાળા નં.૧ આ કાયદાની કલમ-૨(૧)(ઈ) મુજબ માલીક છે તેવું ઠરાવવામાં આવે છે તેથી આ કામના ગુજરનાર તાજારામ રૂપારામ જાટ સામાવાળા નં.૧ નાઓના કામદાર હતા અને સામાવાળા નં.૧ નાઓને ત્યાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા દરમ્યાન હાર્ટએટેક આવતા મૃત્યુ થયેલ હોવાનું પુરવાર થાય છે તેથી મુદ્દા નં.૨-૩ નો જવાબ ઉપરોક્ત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(૧૧) <u>મુદ્દા નં.૪</u> ::-**

અકસ્માત વખતે ગુજરનારની ઉંમર પુરવાર કરવા બાબતે અરજદાર તરફે હાલના કામે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. અરજદાર તરફે હાલની વળતર અરજીમાં ગુજરનારની ઉંમર ૩૫ વર્ષની હોવાનું દર્શાવેલ છે તેમજ અરજદાર નં.૦૧ તરફે આંક-૨૮ થી રજુ કરવામાં આવેલ પુરાવાના સોગંદનામાની સામાવાળા નં.૦૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે મારા પતિની જન્મ તારીખ મને યાદ નથી પરંતુ મેં મારા પતિની જન્મ તારીખ દર્શાવવા આ કામે રેકર્ડ તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ રજુ રાખેલ છે તેમાં તેમની જન્મ તારીખ ૩૦/૧૦/૧૯૮૦ દર્શાવેલ છે જે ખરી છે તેમજ માર્ક ૨૯/૧ થી ગુજરનારનું ડ્રાઈવિંગ લાયસન્સ રજુ રાખેલ છે તે વંચાણે લેતા જણાઈ છે કે અકસ્માત

સમયે ગુજરનારની ઉંમર ૩૪ વર્ષ ૧૧ મહીના અને ૨૭ દિવસની હતી એટલે કે ૩૫ વર્ષ થવામાં ૩ દિવસ ઘટતા હતા જેથી ગુજરનારની ઉંમર ૩૪ વર્ષ સ્વીકારવામાં આવે છે.

વધુમાં અરજદારોએ પોતાની વળતર અરજીમાં ગુજરનાર સામાવાળા નં.૧ વાળાની નોકરી દરમ્યાન માસીક પગાર રૂા.૧૨,૦૦૦/- તથા રૂા.૨૦૦/- અલગથી ભથ્થુ ચુકવતા હોવાની હકીક્ત જણાવેલ છે. સામાવાળા નં.૧ તથા નં.૨ તરફે સદર હકીક્તનો ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી. હાલના કામે અરજદાર નં.૧ તરફે આંક-૨૮ થી તથા અરજદારનાં સાહેદ તરફે આંક-૩૪ થી રજુ થયેલ પુરાવાના સોગંદનામાની સામાવાળા નં.૨ તરફે તેમના વિ.વ.શ્રી દ્બારા કરવામાં આવેલ ઉલટતપાસમાં વિરૂધ્ધની હીક્કત રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં શ્રમ અને રોજગાર મંત્રાલયનું તા.૦૧/૦૬/૨૦૧૦ નું નોટીફિકેશન વંચાણે લેતાં કલમ-૪ સ્પષ્ટીકરણ-૨ માં વધુમાં વધુ રૂા.૮,૦૦૦/- પગાર ગણવો કે તેથી ઓછો. જેથી શ્રમ અને રોજગાર મંત્રાલયનું તા.૦૧/૦૬/૨૦૧૦ નું નોટીફિકેશન ધ્યાને લેતાં અકસ્માત સમયે ગુજરનારનો માસીક પગાર રૂા.૮૦૦૦/- હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૪ નો જવાબ ઉપરોક્ત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(૧૨) <u>મુદ્દા નં. ૫ થી ૭</u> ::-**

મુદ્દા નં. ૫ થી નં.૭ ની હકીક્તો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીક્તોનું પુનરાવર્તન ન થાય તે સારૂં મુદ્દા નં. ૫ થી ૭ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુક્ત તારણ આપવામાં આવેલ છે.

**(૧૨.૧)** હાલનાં કામે મુદ્દા નં.૫ થી ૭ અંગે જોતા જ્યારે નોકર-માલીકનાં સંબંધો સામાવાળા નં.૧ સાથે પુરવાર થયેલ હોય તથા અકસ્માત ફરજના સમય દરમ્યાન અને ફરજના ભાગરૂપે કામ કરતા થયેલ હોય તથા તેમાં ગુજરનારનુ અવસાન થયેલ હોય ત્યારે સામાવાળાઓ પાસેથી કર્મચારી વળતર ધારાની જોગવાઈઓ મુજબ અરજદારો વળતર મેળવવા હક્કદાર થતા હોવાનું પુરવાર થાય છે. હાલનાં કામે સામાવાળા નં.૦૨ તરફે તેમના આંક-

૨૩ ના લેખિત જવાબમાં એવી તકરાર લીધેલ છે કે, ગુજરનારનું મૃત્યુ વાહન અકસ્માતનાં કારણે થયેલ નથી પરંતુ ગુજરનારનું કુદરતી મૃત્યુ થયેલ છે આથી અમો સામાવાળા નં. ૨ વળતર,વ્યાજ કે પેનલ્ટીની રકમ ચુકવવા જવાબદાર થતા નથી. સામાવાળા નં. ૨ ની સદર તકરાર અન્વયે નીચે મુજબનો નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે. જેના પાર નં.૯, ૧૭ થી ૨૦ મહત્વના છે જે નીચે મુજબ છે.

(Arising out of Special Leave Petition (C)
No.29239 of 2019)

THE CHAIRMAN, VAIDYANATH SAHAKARI
SAKHAR KARKHANA LTD. & ANOTHER
Vs.
SHANTABAI & ANOTHER

**9.** Learned counsel for the appellants submitted that while the Workmen’s Compensation Commissioner was right in dismissing the Workmen’s Compensation Application No.1 of 2010, the High Court was not right in allowing the same and thereby awarding compensation of Rs.6,85,078/- to the respondents herein who are stated to be the dependents of the deceased-Workman. Learned counsel for the appellants contended that the deceased- Workman was working as a Quadruple mate in the Factory; that on 01.12.2008 while he was working in the Factory in the shift between 12:00 PM and 08:00 PM, he suffered a heart-attack and was admitted to Sanjeevini Hospitalin Parali. However, he did not survive and died in the later hours of that day in the hospital. Learned counsel for the appellants submitted that the death was not owing to any injury

suffered during the course of and arising out of employment as envisaged in Section 3 of the Act; that the ingredients of Section 3 are wholly inapplicable to the facts of the case; that when the death occurred on account of a heart-attack, it was not proved to be an accident arising out of and in the course of employment and therefore, the Workmen’s Compensation Commissioner rightly rejected the claim of the respondents herein. However, the High Court has reversed the said decision and has awarded compensation to the tune of Rs.6,85,078/- with interest @ 12% per annum from 01.01.2009 onwards till realisation, which is contrary to Section 3 of the Act and contrary to the law. Learned counsel for the appellants submitted that the impugned judgment of the High Court may be set aside and the claim made by the respondents be dismissed. In this regard, learned counsel placed reliance on a judgment of this Court in the case of Shakuntala Chandrakant Shreshti vs. Prabhakar Maruti Garvali, (2007) 11 SCC 668.

**17.** In Shakuntala Chandrakant Shreshti vs. Prabhakar Maruti Garvali & Another, (2007) 11 SCC 668, while applying Section 3 of the Act, this Court observed that the tests attracting the provision of Section 3 of the Act would require the following principle to be proved:

(1) There must be a causal connection between the injury and the accident and the accident and the work done in the course of employment.

(2) The onus is upon the applicant to show that it was the work and the resulting strain which contributed to or aggravated the injury.

(3) If the evidence brought on records establishes a greater probability which satisfies a reasonable man that the work contributed to the causing of the personal injury, it would be enough for the workman to succeed, but the same would depend upon the fact of each case.

**18.** In the said case, taking note of the fact that the deceased died as a result of heart attack and he was working as a helper, it was observed that per se the duties would not be such which would cause stress and strain. If an additional duty was required to be performed by the deceased, the same was required to be clearly stated. In the facts of the said case, this Court declined to grant any relief and observed that the case did not fall within the scope and ambit of Section 3 of the Act.

**19.** We have considered the aforesaid judgments in light of the facts of the present case and perused the material on record. Having regard to the nature of the job that the deceased was performing as a Quadruple mate in the appellant-Factory and the cause of his death, we find that there was a causal connection between the death and the nature of the job that the deceased workman was discharging in the appellant-factory.

**20.** In the circumstances, we find that the High Court was right in allowing the claim petition filed by the respondents herein and thereby setting aside the order of the Workmen's Compensation Commissioner dated 18.10.2011. We do not find any merit in this appeal.

ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતાં એ સ્પષ્ટ થાય છે કે હાલના સામાવાળા નં.૨ નાઓએ જે વાંધા લીધા છે તેવા જ વાંધા નામ.સુપ્રીમ કોર્ટ સમક્ષ ઈન્સ્યોરંસ કંપની દ્વારા લેવામાં આવેલ છે અને તે વાંધાનો અસ્વિકાર કરી નામ.સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ છે કે, કામદારનું મૃત્યુ કામના સમય દરમ્યાન હાર્ટ એટેકથી થયું હોય અને કામદારના કામ અને આવેલ હાર્ટએટેક વચ્ચે કેઝ્યુઅલ કનેકશન હોય ત્યારે તેને અકસ્માત જ ગણેલ છે અને કામદાર જે કામ કરતો હોય તેમાં તેના કામનો પ્રકાર સ્ટ્રેસફુલ છે કે નહિ તે જોઈ નક્કી કરવાનું રહે છે કે કામદારને હાર્ટ એટેક કામના ભારણને કારણે આવેલ છે કે કેમ.? હાલના કામે મૃત્યુ પામનાર અરજદાર ટ્રકમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતાં હતા અને તેઓ હળવદથી રેતી ભરીને જામનગર ખાલી કરવા જતા હતા અને તેઓની સાથે અન્ય કોઈ ડ્રાઈવર હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી અને હળવદથી જામનગર સુધીનું જ્યારે એક જ વ્યક્તિ આટલું લાંબું ડ્રાઈવિંગ કરે ત્યારે તેને કામનું ભારણ પહોંચે તેવું કહી શકાય તેમજ અકસ્માતમાં  મૃત્યુ પામનાર કામદારની સાથે કલીનર તરીકે જે વ્યક્તિ હતા તે તેઓને હાલનાં કામે સાક્ષી તરીકે તપાસવામાં આવેલ છે અને તેઓ દ્વારા ઉલટ તપાસમાં એવું જણાવેલ છે કે એ વાત ખરી નથી કે ગુજરનાર છેલ્લા ત્રણ મહિનાથી ફરજ ઉપર હતા જેથી થાક અને ઉજાગરાના કારણે તેમને હ્રદય રોગનો હુમલો આવેલ તે હકિક્ત હું ખોટી જણાવું છુ આમ એ હકિક્ત રેકર્ડ પર આવેલ કે ગુજરનાર છેલ્લા ત્રણ મહિનાથી એકધારી નોકરી કરતા હતા અને તેઓને સતત થાક અને ઉજાગરો રહેતો હતો અને તે ભારણ (સ્ટ્રેસ) ના કારણે તેને છાતીમાં દુખાવો થયો હોય તે નકારી શકાય નહિં. જેથી ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ સામાવાળા નં.૨ ની દલીલો માની શકાય નહિ .

**(૧૨.૨)** અકસ્માતના સમયે આ કાયદાની જોગવાઈ જોતાં ગુજરનારની ઉંમર ૩૪ વર્ષ  અને માસીક આવક રૂા. ૮,૦૦૦/– ઠરાવવામાં આવેલ છે. કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ની કલમ–૪ મુજબ વળતરની ગણતરી જોઈએ તો,અકસ્માતમાં થયેલ મૃત્યુના કિસ્સામાં માસીક આવકનાં ૫૦ % એટલે કે રૂા. ૪,૦૦૦/–અને રીલેવન્ટ ફેકટર અનુસુચિ–૪, કલમ–૪, ૩૪ વર્ષની ઉંમર સંબંધિત અવયવ ૧૯૯.૪૦ ને ગુણતા રૂા.*4૯૭,૬૦૦/– (અંકે રૂપીયા સાત લાખ સતાણુ હજાર છસો પુરા) આ કામના અરજદારો મેળવવા હકકદાર થાય છે.

**(૧૨.૩)** ઉપરોકત મુદ્દાની ચર્ચા કર્યા અનુસાર ગુજરનાર નોકરીનાં સમય દરમ્યાન અને ફરજના  ભાગરૂપે કામ કરતા અવસાન થયેલ હોવા અંગેની હકીકત પુરવાર થયેલ હોય, અરજદાર ગુજરનારનાં આશ્રિત હોય ત્યારે તેઓ વળતર મેળવવા હકકદાર હોવાનું પુરવાર થાય છે. હાલના કામે બં ને સામાવાળાઓ તર્ફે કોઈ વળતરની રકમ જમા કરાવેલ નથી. અરજીની નોટીશ બજી ગયા બાદ પણ તેઓ તર્ફે કોઈ વળતરની રકમ જમા કરાવેલ નથી. ત્યારે સ્પષ્ટપણે એ હકીકત રેકર્ડ ઉપર પુરવાર થાય છે કે, સામાવાળાઓ દ્રારા ગુજરનારનાં આશ્રિતોને વળતરની રકમ ચુકવવામાં તેઓ બેદરકાર રહેલ હોવાનું પુરવાર થાય છે. જેથી પેનલ્ટીની રકમ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ જોતાં વીમા કંપની જવાબદાર થતી નથી. વળતરની રકમ જમા કરાવવા કાયદાનાં પ્રસ્થાપિત સીધ્ધાંત ધ્યાને લ ેતાં સામાવાળા નં.૧ એ વળતર જમા કરાવવી જોઈએ જે જમા કરાવેલ ન હોય પેનલ્ટી ચુકવવા તેઓ જવાબદાર ઠરે છે. હાલના કામે મોટર વ્હીકલ એકટ અં તર્ગતની પોલીસી હોય, તે સંજોગોમાં નામદાર સુપ્રિમકોર્ટનાં વેદપ્રકાશ ગર્ગ વિ. પ્રેમાદેવી ૧૯૯૮ એ.સી. જે. પાના નં.૧ નાં ચુકાદામાં વ્યાજની રકમ તે વળતરની રકમનો જ ભાગ હોઈ એમ. વી. એકટની પોલીસી

અન્વયે વ્યાજની રકમની ક્ષતિપૂર્તિ કરી આપવાની જવાબદારી વીમા કંપનીની થાય છે તેમ ઠરાવેલ છે. સદર પ્રસ્થાપીત સીધ્ધાંતને ધ્યાને લેતાં વ્યાજ અં ગે વીમા કંપનીની જવાબદારી ઠરાવી શકાય. જેથી ઉપરોકત ચર્ચાને ધ્યાને લ ેતાં વીમા કંપની વ્યાજ ચુકવવા જવાબદાર ઠરાવવામાં આવે છે.

**(૧૨.૪)** વધુમાં પેનલ્ટી અને વ્યાજ કેટલું હોવું જોઈએ તે અંગે જોતાં કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓ મુજબ ૫૦% સુધીની રકમ પેનલ્ટીની થઈ શકે. હાલના કામે સામાવાળા નં. ૧ માલીક તરફે હાજર રહી જવાબ રજુ કરવામાં આવેલ ન હોય, સદર કામે વળતરની કોઈ જ રકમ જમા કરાવેલ ન હોય, બેદરકાર રહેલાનું પુરવાર થતું હોય તથા પેનલ્ટી શા માટે ઘટાડવી જોઈએ તે અંગે કોઈ રજુઆત કરતા ન હોય, આ કામે સામાવાળા નં. ૧ માલીક પેનલ્ટી પેટે ૫૦% પેનલ્ટીની રકમ અરજદારોને ચુકવવા જવાબદાર થાય છે.

**(૧૨.૫)** વધુમાં વ્યાજ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓમાં ૧ ૨% સુધીના વ્યાજની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં તથા હાલનાં તબકકે **નામદાર સુપ્રિમ કોર્ટે પી.મીનારાજ વિ. પી.આદિગરૂસ્વામી અને બીજાનાં, ૨૦૨૨ એ.સી.જે.પેજ નં.૧૦૦૧, ધી ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લી. વિ. સી.બી. જયોર્જ નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૨(૩) જી.એલ.એચ. ૩૪૪, શોભા વિ. ચેરમેન, વિઠૃલરાવ શિન્દે સહકારી સાખર કારખાના લીમીટેડ એ.આઈ.આર. ૨૦૨૨ એસ.સી. પેજ નં.૧૪૧૦ નાં ચુકાદાઓમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા ઓરીયન્ટલ ઈન્સ્યુરન્સ કાું. લી. વિ. ગુલાબભાઈ બાબુભાઈનાં વારસો**ના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, "વ્યાજની જવાબદારી કમીશનર એવોર્ડ કરે તે તારીખથી નહીં પણ અકસ્માત થયા તારીખથી થાય તેમ ઠરાવવામાં આવેલ છે " વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટે ટી. સી. સેલજા વિ. ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કાું. લી. અને બીજાંઓ ૨૦૧૪ એ.સી.જે. પાના નં.૪**

**૮૦ નાં ચુકાદામાં, સીવીલ અપીલ નં. ૬૬૧ ૪/૨૦૨૧ અને સીવીલ અપીલ નં.૧૮૬૦/૨૦૨૨ નાં ચુકાદામાં અકસ્માત ઈજા તારીખથી ૧૨% વ્યાજનો હુકમ કરેલ છે. તેમજ ૨૦૦૯(૩) સી.એલ.આર. પાના નં.૭૪૧ નામદાર કલકત્તિ હાઈકોર્ટનો સરબેશ્વર ભીમલાઈ બાપી ભીમલાઈ વિ. અરઘેન્દુકુમાર રોય અને બીજાંઓનાં** ચુકાદાઓમાં પ્રસ્થાપીત સીધ્ધાંતોને ધ્યાને લ ેતાં સ્પષ્ટપણે ૧૨ % સુધીનું સાદ્ુ વ્યાજ ચુકવવા અંગનો હુકમ કરવાની જોગવાઈ છે. જે ધ્યાને લેતાં હાલનાં કામે અકસ્માત તારીખથી ૧૨ % નાં લેખે સાદા વ્યાજની વળતર ઉપરાંતની રકમ ચુકવવા સામાવાળા નં. ૨ જવાબદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે. આથી હાલના અરજદારો આ કામના સામાવાળા નં.૦૨ પાસેથી અકસ્માત વળતરની રકમ રૂા.૭, ૯૭ , ૬૦૦ /– (અંકે રૂપીયા સાત લાખ સતાણુ હજાર છસો પુરા) તથા અકસ્માત તારીખથી વળતરની રકમ પર ૧૨% વ્યાજ તથા સામાવાળા નં.૦૧ માલીક પાસેથી વળતરની રકમ રૂા.૭, ૯૭ , ૬૦૦ /– (અંકે રૂપીયા સાત લાખ સતાણુ હજાર છસો પુરા) ઉપર ૫૦% પેનલ્ટી મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૩)** ઉપરોકત મુદ્દા નં.૧ થી નં.૭ માં ચર્ચા કર્યા અનુસાર ગુજરનાર સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તરીકે કામ કરતા હોવાનું અને ફરજનાં સમય દરમ્યાન અને ફરજનાં ભાગરૂપે છાતીમાં દુખાવો થતાં હાર્ટએટેકેમાં તેઓનું અવસાન થયેલ હોવાનું, વધુમાં ગુજરનારનાં આશ્રિતો વળતરની રકમ, વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી વળતરની રકમ ચુકવે નહીં ત્યાં સુધીનું વાર્ષિક ૧૨% નાં સાદા વ્યાજ સાથેની રકમ સામાવાળા નં.૨ વીમા કંપની પાસેથી તથા ૫૦% પેનલ્ટીની રકમ સામાવાળા નં.૧ પાસ ેથી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચાનાં અં તે તમામ હકીકતો ધ્યાને લેતાં ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૮ અંગે નીચે મુજબનો

આખરી હુકમ કરવામા આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

(૧) આથી અરજદારોની હાલની વળતર અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) હાલનાં કામે સામાવાળા નં.૨ વિમાકંપનીએ વળતરની રકમ રૂા.૭,૯૭,૬૦૦/– ( અંકે રૂપીચા સાત લાખ સતાણુ હજાર છસો પુરા) તથા વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી ૧૨ % વ્યાજ સહિત રકમ અરજદારોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલનાં કામનાં સામાવાળા નં.૧ માલીકે વળતરની રકમ રૂા.૭,૯૭,૬૦૦/– ( અંકે રૂપીચા સાત લાખ સતાણુ હજાર છસો પુરા) ઉપર ૫૦ % પેનલ્ટી અરજદારોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના સામાવાળા નં.૧ માલીકે અંતિમક્રિયા ખર્ચના રૂા.૫,૦૦૦/– તથા હાલની અરજી ખર્ચના રૂા.૩,૦૦૦/– અરજદારને ચુકવી આપવા.

(૫) હાલનાં કામનાં સામાવાળાઓએ આ હુકમ મળ્યેથી દિન–૩૦ માં હુકમનો અમલ કરવાનો રહેશે.

હુકમ આજરોજ તારીખ ૧૮ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ નાં રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખઃ– ૧૮/૦૪/૨૦૨૬
સ્થળઃ– ગાંધીધામ.

**(ઝેડ. જી. મોદન)**
કમિશ્નરશ્રી ફોર વ.કો. એક્ટ, લેબર કોર્ટ,
(જે.ડી.), ગાંધીધામ, જી.કચ્છ.
***JUDGE CODE : GJ01569***